# જાહેરનામું

## પોલીસ કમિશ્નર અમદાવાદ શહેરન હુકમ ક્રમાંક: ગ/ઉપક/ટ્રાફીક/ ૪૭૯ /૨૦૧૬

## તા. ૧૩ /૪ /૨૦૧૬

હું, શિવાનંદ ઝા IPS, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, મને ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ (૧૯૫૧ ના કાયદા નંબર ૨૨) ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) અને ગુજરાત મોટર વાહન નિયમો ૧૯૯૯ ના નિયમ ૨૦૭ અંતર્ગત મળેલી સત્તા અન્વયે અમદાવાદ શહેરમાં નારોલ સર્કલથી તેની ચારે તરફ જતાં મુખ્ય માર્ગો તથા તેને આનુશાંગિક સર્વિસ રોડને **"નો-પાર્કિંગ ઝોન"** જાહેર કરવા નીચે મુજબનો હુકમ કરૂ છું.

**<u>હુકમ</u> :-**

અમદાવાદ શહેરમાં નારોલ સર્કલથી તેની ચારેય તરફ જતાં મુખ્ય માર્ગો તથા તેને આનુશાંગિક સર્વિસ રોડની બન્ને બાજુ અસંખ્ય રોડ ટ્રાન્સપોર્ટ ઓપરેટર, ટ્રાન્સપોર્ટ નગર, જુદા જુદા વાહનોના શો રુમ તથા સ્ટીક યાર્ડ વિગેરે આવેલ છે. આવા ટ્રાન્સપોર્ટ ઓપરેટરો દ્વારા છેલ્લાં ઘણા સમયથી પોતાના વાહનો મુખ્ય માર્ગો તથા સર્વિસ રોડ ઉપર પાર્ક કરીને દબાણ ઉભા કરવામાં આવે છે. જેના કારણે આ માર્ગો પહોળા હોવા છતાં રસ્તા ઉપરના ગેરકાયદેસર પાર્કિંગને કારણે સામાન્ય પ્રજા તથા રસ્તાના ઉપયોગ કરતાં (Road Users) ને ટ્રાફીક જામની સમસ્યાનો સામનો કરવો પડે છે. જેથી ટ્રાફીકની આ સમસ્યા નિવારવા અને ટ્રાફીક સરળતાથી પસાર થઇ શકે તે માટે નીચે મુજબના મુખ્ય માર્ગો તથા તેને આનુશાંગિક સર્વિસ રોડ સુધીના રોડને **"નો-પાર્કિંગ ઝોન"** જાહેર કરવામાં આવે છે.

(૧) નારોલ સર્કલ થી નરોડા પાટીયા સુધીનો સમગ્ર રોડ
(૨) નારોલ સર્કલ થી શાસ્ત્રીબ્રીજ સુધીનો સમગ્ર રોડ
(૩) નારોલ સર્કલ થી અસલાલી સુધીનો રોડ
(૪) નારોલ સર્કલ થી ચંડોળા તળાવ દાણીલીમડા પોલીસ ચોકી સુધીનો સમગ્ર રોડ

આ જાહેરનામુ ફાયરબ્રિગેડ,એમ્બ્યુલન્સ સેવાઓ તથા સરકારી વાહનોને કામગીરી દરમ્યાન લાગુ પડશે નહિ.

આ જાહેરનામાનો અમલ તા.૧૭/ ૪/૨૦૧૬ ના રાત્રી કલાક ૦૦.૦૦ થી કરવાનો રહેશે.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લઘંન કરનાર ઈસમ ભારતીય ફોજદારી ધારા કલમ ૧૮૮ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તા. ૧૩/૪/૨૦૧૬ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

City Commissioner of Police * Ahmedabad

તા.૧૩/૪/૨૦૧૬
અમદાવાદ.

**(શિવાનંદ ઝા)**
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

**<u>નકલ સવિનય રવાના :</u>**

(૧) મેનેજરશ્રી ગવર્નમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા
૨/- ગુજરાત ગર્વમેન્ટ ગેજેટ પ્રસિદ્ધ કરવા સારૂ.
(૨) અગ્ર સચિવશ્રી, ગૃહ વિભાગ, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર.

(૩) પોલીસ મહનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા. પોલીસ ભવન,ગાંધીનગર.
(૪) કલેકટરશ્રી,જીલ્લા કલેકટરની કચેરી, ઘી કાંટા, અમદાવાદ શહેર.
(૫) અમદાવાદ રજીસ્ટ્રારશ્રી હાઈકોર્ટ, (૫ નકલ)
રજીસ્ટ્રારશ્રી સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર. (૫ નકલ)
રજીસ્ટ્રારશ્રી સેશન્સ કોર્ટ , અમદાવાદ શહેર (૫ નકલ)
ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી અમદાવાદ શહેર. (૫ નકલ)
(૬) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર.
(૭) પબ્લીક પ્રોસીક્યુટરશ્રી,અમદાવાદ શહેર
(૮) સીનીયર પોલીસ પ્રોસીક્યુટરશ્રી,અમદાવાદ શહેર
(૯) માહિતી નિયામકશ્રી સચિવાલય,ગાંધીનગર (૨ નકલ)
૨/- જાણ સારૂ અને દૈનિક સમાચાર પત્રોમાં પ્રસિધ્ધ કરાવવા સારૂ.

<u>નકલ રવાના :-</u>

(૧) સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી,સેકટર-૧ અને ૨, ટ્રાફીક તથા મુખ્ય મથક , વિશેષ શાખા,વહીવટ, અમદાવાદ
(૨) તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર.
(૩) તમામ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ અમદાવાદ શહેર.
(૪) જનસંપર્ક અધિકારીશ્રી કંટ્રોલ રૂમ,અમદાવાદ શહેર
૨/- જાણ સારૂ દૈનિક પત્રોમાં દુરદર્શન, આકાશવાણી ઉપર પ્રસિધ્ધ કરવા સારુ.
(૫) તમામ પોલીસ ઈન્સ્પેકટરશ્રીઓ.......................................... અમદાવાદ શહેર
૨/- જાણ સારૂ તેમજ પો.સ્ટે. વિસ્તારમાં જાહેરાત માટે અને સખત અમલ થાય તેની તકેદારી રાખવા સારૂ.
(૬) મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, ટ્રાફીક બ્રાન્ચ,અમદાવાદ શહેર (૮ નકલ)
૨/- ટ્રાફીક મોબાઈલ વાન મારફતે જાહેરનામાની જાહેરાત કરવા સારૂ.